–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં નેશનલ હાઈવે ડીવીઝન (અમદાવાદ) દ્વારા એસ.જી.હાઈવે ઉપર આવેલ કર્ણાવતી ક્લબથી વાય.એમ.સી.એ. ક્લબ સુધી એલીવેટેડ કોરીડોર (ફ્લાયઓવર) બનાવવાનું કામકાજ ચાલી રહેલ છે. આ કામકાજ અંતર્ગત સદરહું જગ્યાએ બ્રીજના પીલ્લરો તૈયાર થઈ ગયેલ હોય અને પીલ્લરો ઉપર ગર્ડર લગાવવાનું કામ કરવા અત્રેની કચેરીએથી ગઈ તા.૨૧/૭/૨૦૨૫ ના રોજ ૬–માસ સુધી ટ્રાફિક ડાયવર્ઝન પ્લાનને મંજુરી આપવામાં આવેલ હતી.

સદરહું એલીવેટેડ કોરીડોરમાં રેમ્પ અને એલીવેટેડ કોરીડોરના બાકીના સ્પાનને પુર્ણ કરવા માટે એક્ઝીક્યુટીવ એન્જીનીયરશ્રી, નેશનલ હાઈવે ડીવીઝન, અમદાવાદ શહેરની વિનંતીને ધ્યાને લઈ ઉપર્યુક્ત ડાયવર્ઝન પ્લાનની મુદ્દતમાં તા.૩૧/૫/૨૦૨૬ સુધી વધારો કરવામાં આવે છે. જેથી આ કામગીરી **તા.૩૧/૫/૨૦૨૬ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા** દરમિયાન કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

અ.નં.	વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગ
૧.	એસ.જી.હાઈવે પરના રોડનો કર્ણાવતી ક્લબથી વાય.એમ.સી.એ. ક્લબ તરફ જતો આશરે ૧૦૦ મીટર જેટલો એક તરફનો રોડ તા.૩૧/૫/૨૦૨૬ સુધી બંધ રહેશે.	સાણંદ,સરખેજ તરફથી આવતો નાના તથા મોટા વાહન વાળો ટ્રાફિક વાય.એમ.સી.એ. ક્લબ તરફથી ડાબી બાજુ વળી ભગવાન સર્કલથી જમણી બાજુ વળી ઝવેરી સર્કલ થઈ (ચકરી સર્કલ) જમણી બાજુ વળી કર્ણાવતી ક્લબ થઈ એસ.જી.હાઈવે ઉપર થઈ અલગ–અલગ માર્ગો ઉપર જઈ શકાશે. તેમજ ઈસ્કોનથી સરખેજ તરફ જતો રોડ વાહન વ્યવહાર માટે ચાલુ રાખવામાં આવશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૨૩/૪/૨૦૨૬

(નીરજ કુમાર બડગૂજર)
i/c. સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર